# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ" મગફળી અને સોયાબીન (સર્ટીફાઈડ/ટ્રુથફુલ) બિયારણના વેચાણ બાબત

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખરીફ-૨૦૨૪ ઋતુમાં વાવેતર માટે મગફળી GJG-22 (ટ્રુથફૂલ) અને GJG-32 (સર્ટિફાઈડ/ટ્રુથફૂલ) અને સોયાબીનમાં GJS-3 અને GS-4 ટ્રુથફૂલ બીયારણ ખરીદી માટે ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવેલ. તે અરજીઓનું કોમ્પ્યુટરાઈઝ રેન્ડમાઈઝેશન સીસ્ટમથી રેન્ડમાઈઝેશન બાદ પસંદગી પામેલ ખેડૂતોને આ સાથે નીચે જણાવેલ શરતોના ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવાનું થાય છે. બિયારણના ભાવની વિગતો નીચે કોષ્ટકમાં જણાવેલ છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૫૦૭૦ તથા ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૫૦ થી સંપર્ક કરવો.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | સબસીડી સહાય વિનાનો ભાવ | સબસીડી સહાય બાદનો ભાવ |
|---|---|---|---|
| મગફળી (GJG-32) | સર્ટીફાઈડ | રૂ.૩૩૫૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) | રૂ.૨૧૫૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) |
| મગફળી (GJG-32) | ટ્રુથફૂલ | રૂ.૨૧૫૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) | સબસીડી સહાય નથી |
| મગફળી (GJG-22) | ટ્રુથફૂલ | રૂ.૨૦૦૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) | |
| સોયાબીન (GJS-3) | ટ્રુથફૂલ | રૂ.૧૬૫૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | |
| સોયાબીન (GS-4) | ટ્રુથફૂલ | રૂ.૨૫૫૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | |

<u>વેચાણનો સમય</u> :- સવારના ૮:૩૦ થી ૧૨:૦૦ તથા બપોરના ૩:૦૦ થી ૫:૩૦

<u>વેચાણનું સ્થળ</u> :- સીડ હબ ગોડાઉન, ગેટ નંબર-૩ ની પાસે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

<u>નોંધ</u> :- ઓનલાઈનન અરજીની નોંધણી થયા બાદ નીકળેલ પાવતીની પ્રિન્ટ કાઢીને તેમાં અરજદારે સહી કરી તેને બિયારણ લેવા આવો ત્યારે જમા કરાવવાની રહેશે તેમજ બિયારણ લેતી વખતે અરજીમાં દર્શાવેલ પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, જમીનનો ૮-(અ) નો તાજો અસલ દાખલો (છ મહિનાથી જૂનો દાખલો ચાલશે નહીં), બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ (અરજદારનો ખાતા નં. અને બેંકનો IFSC નંબર વંચાય તેવો હોવો જોઈએ)અરજીની પહોંચ સાથે રજુ કરવાના રહેશે. ઉપરોકત બધા પુરાવામાં ખેડૂત ખાતેદારની અટક અને નામ એક સરખા હોવા જરૂરી છે. જો ફેરફાર હશે તો અરજી માન્ય ગણવામાં આવશે નહીં.

## <u>"ગીર સાવજ" મગફળી અને સોયાબીન (સર્ટીફાઈડ/ ટ્રુથફુલ) બિયારણના મેળવવા માટેની શરતો</u>

1. ખેડૂતમિત્રોએ બિયારણ ખરીદી માટે જૂનાગઢ ખાતે લેવા આવવાનું રહેશે.
2. જો કોઈ ખેડૂત અરજદારની માહિતી ખોટી/ અપુરતી/ ઘટતી જણાશે તો તેવા અરજદારની અરજી રદ થશે.
3. માન્ય અરજીવાળા ખેડૂત અરજદાર ભાઈઓને બિયારણ કઈ તારીખે લેવા આવવું તેની માહિતી આપના દ્વારા અરજીમાં નોંધવામાં આવેલ મોબાઈલ નંબર પર SMS થી જાણ કરવામાં આવશે.
4. બિયારણ ખરીદી માટે અરજદારને ફાળવવામાં આવેલ તારીખે જ બિયારણ મળશે. એટલે કે અરજદારને જે તારીખે બિયારણ લેવા આવવા માટે ફાળવવામાં આવેલ હોય તે તારીખે જ લઈ જવાનું રહેશે. ફાળવવામાં આવેલ તારીખે જો બિયારણ ખરીદવા નહિ આવે તો તેનો દાવો રદ ગણવામાં આવશે અને ત્યારબાદ યાદી મુંજબ ક્રમમાં આવતાં અન્ય ખેડૂતને તેનો લાભ મળશે.
5. મગફળીના બિયારણ માટે જે ખેડૂતની અરજી મંજુર થઈ છે તેઓને જયારે તેમનો વારો આવે ત્યારે હાજર સ્ટોકમાં હશે તે મુજબ અરજી દીઠ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં મગફળીમાં ૧૦ બેગ (૩૦૦ કિ.ગ્રા. ડોડવા) સુધી મળવાપાત્ર થશે. (બે હેક્ટરની મર્યાદા એટલે કે મગફળીમાં ૨૦ ગુંઠા જમીને એક બેગ અને તે મુજબ ૨૦ ગુંઠાના ગુણાંકમાં બેગો મળવાપાત્ર થાય.)
6. સોયાબીનના બિયારણ માટે જે ખેડૂતની અરજી મંજુર થઈ છે તેઓને જયારે તેમનો વારો આવે ત્યારે હાજર સ્ટોકમાં હશે તે મુજબ અરજી દીઠ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં ૫ બેગ (૧૨૫ કિ.ગ્રા.) સુધી મળવાપાત્ર થશે. (બે હેક્ટરની મર્યાદા એટલે કે ૪૦ ગુંઠા જમીન મુજબ એક બેગ અને તે મુજબ ૪૦ ગુંઠાના ગુણાંકમાં બેગો મળવાપાત્ર થાય.)

તારીખ :- ૧૫/૦૫/૨૦૨૪
સ્થળ :- જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડા
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-૩૬૨૦૦૧